# સાવ ભીની આંખનો અંધાર જાણે રાત કેવી, ખોફના માહોલની રફતાર જાણે રાત કેવી !

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

રામપુર ગામ આમ તો નાનકડું પણ સુખી ખરું. ખેતીવાડીની આવક દરેક કુટુંબ માટે પૂરતી હતી.

આવા રામપુર ગામમાં રતનસંગ ગોહિલનો દબદબો જબરો. વરસોથી આ દબદબો જળવાઈ રહેલો પણ હવે એમના ખોરડાંની આબરૂ જવા બેઠી હતી.

ગામનું નાક ગણાતાં રતનસંગ ગોહિલનો બે સાવજ ધરાય એવો જુવાનજોધ દીકરો દીપસંગ અને એની યુવાન પત્ની માનબા રતનસંગની સાથે જ આરામથી રહેતાં. એ રીતે જોવા જઈએ તો રતનસંગની આબરૂ ગામમાં સારામાં સારી. ઘેર બસો વિઘા જમીન ને ગરુડનાં ઈંડાં જેવા ચાર બળદ હતા. ગામ નાનું અને શાંતિપ્રિય હતું. ધમાલ થતી નહીં અને જો એવો કોઈ ધમાલનો અવસર આવે ગામમાં, તો રામસંગ બન્ને પક્ષોને સમજાવીને મામલો થાળે પાડી દેતા.

......અને આજ, ગામમાં રતનસંગ માટે છાનીછપની વાતો થતી હતી.

“જોયુંને ધના પટેલ,” કોઈ કહેતું, “રતનસંગ હવે ઓલી રૂપલીના ઘર ભણી જતા થયા સે!”

“તેં સાંભળ્યું અલ્યા મનીયા,” વળી કોઈ બીજાને કાનમાં કહેતું, “રતનસંગ બાપુ ઓલી રૂપલીનાં પગથિયાં રોજ ટોચે છે ?’’

વાતમાં તથ્ય હોય કે ન હોય પણ રતનસંગ હમણાં હમણાં રૂપલીના ઘર તરફ વધુ જતા હતા. ક્યારેક ધોળે દિવસે તે રૂપલીના ઘરનું કમાડ ખખડાવતા, તો ક્યારેક સમી સાંજે પણ તે રૂપલીના ઘેર જતાં.

આમ જોઈએ તો રૂપલી ગામ આખાનો ઉતાર ગણાતી. ગામના છેડે એનું નાનકડું ઘર. એ ઘરમાં રૂપલી એકલી જ રહેતી હતી ને એ આ ઘરમાં એકલી જ કેમ રહેતી હતી એનો પણ ઈતિહાસ છે.

લગભગ 20થી 22 વરસ પહેલાંની વાત છે. રતનસંગની ઉંમર એ વખતે માંડ દસ કે પંદર વરસની હશે. રૂપલી અને એની મા બાજુના પંથકમાં દુકાળ પડયો હોવાથી અહીં આશરો માગીને રહેવા આવ્યાં હતાં. અહીં, આ ગામમાં એમણે છેવાડાનું ઘર રાખ્યું હતું. એ વખતે રૂપલીની ઉંમર માંડ પાંચ કે છ મહિનાની હશે. રૂપલીની મા રહેવા તો આવી, લોકોએ આશરો આપ્યો, મકાન પણ આપ્યું પણ હવે રોજ રોજ ખાવું શું? એટલે રૂપલીની મા ખેતરમાં છૂટક મજૂરી કરવા જતી ને જે કમાતી એમાંથી મા-દીકરીનું પેટિયું નીકળતું.

એવામાં એક દિવસ એક સાધુ મહારાજની રામપુરમાં પધરામણી થઈ. તળાવની પાળે, ઠાકર મંદિરમાં રોજેરોજ રાત્રે કથાકીર્તન ચાલવા લાગ્યા. સાધુમહારાજની વાણીમાંથી જાણે અમૃત છલકાતું. ગામ આખું કથાકીર્તન સાંભળવા ઉમટતું. રૂપલીની મા પણ રૂપલીને લઈને એક મોડી સાંજે ત્યાં જઈ પહોંચી. એ એક વખત એણે કથાકીર્તન સાંભળ્યા, પછી તો એની સાધુમહારાજ પ્રત્યે આસ્થા વધવા માંડી. બધાં કથા સાંભળીને જતા રહે એ પછી પણ રૂપલીની મા ત્યાં બેસી રહેતી.

એક દિવસ વહેલી સવારે કુકડો બોલ્યો, ત્યારે બધાને જાણ થઈ કે, સ્વામીજી અદ્રશ્ય થઈ ગયા હતા ને રૂપલીની મા પણ અદ્રશ્ય!

ગામ આખામાં હો હા થઈ ગઈ. ઘરમાં છ મહિનાની માસૂમ રૂપલી રડ્યા કરે. ગામમાં તો દેકારો થઈ ગયો. કોઈ રૂપલીની માને ભાંડવા લાગ્યું, તો કોઈએ સ્વામીજીનો દોષ કાઢ્યો. જો કે જે થવાનું હતું એ તો થઈ ગયું પણ હવે રૂપલીનું શું? જે બન્યું એમાં એ નાનકડી બાળકીનો દોષ શો? સમજીને ગામલોકોએ પાળીપોષીને રૂપલીને મોટી કરી ને ગામના આશ્રયે રૂપલી જુવાન પણ થઈ ગઈ. ગમે તેમ, પણ એની શરબતી આંખોમાં કોણ જાણે શો જાદુ હતો કે, એને એક નજરે જોનાર ઘાયલ થઈ જતો. રૂપલીની કાયા પદમણી જેવી મોહક હતી. જોબનિયું એની ફાટ ફાટ થતી છાતીમાં હાંફતું હતું. ચણોઠી જેવા રાતા એના હોઠ હતા ને એ હસતી ત્યારે એના ગુલાબના ગોટા જેવા ગાલમાં ખાડા પડતા!

જોતજોતામાં રૂપલી ગામ આખાની આંખે ચડી ગઈ હતી. એનો પ્રેમ પામવા જુવાનિયાઓ અંદરોઅંદર ઈર્ષ્યા કરતા

અને અચાનક રતનસંગ જેવો ઠરેલ આદમી એના ઘરે જવા લાગ્યો એટલે ગામની જીભે એમનું નામ રમતું થઈ ગયું!

રતનસંગના કાને ઘણી વાર પોતાના વિષેની વાતો પડતી, દીપસંગના કાને પણ આ વાતો પડતી પણ દીપસંગ એ વાતને હસી કાઢતો કેમ કે પિતા ઉપર એને પૂર્ણ શ્રધ્ધા હતી.

આ રીતે રામપુરમાં સમય પસાર થતો રહ્યો.



દીપસંગના મનમાં વેરનો આતશ સળગી ઊઠ્યો હતો. ક્રોધ સામેની વ્યક્તિને નથી ઓળખતો, ક્રોધના આવેશમાં વ્યક્તિ સામેની વ્યક્તિને નીચી ઉતારી પાડવાના પ્રયાસ જ કરે છે, પછી સામે પિતા હોય કે ગમે તે હોય

ઉનાળામાં સૂરજદેવની કરડી નજરથી તપી ગયેલી ધરતીએ ચોમાસું આવતાં

નવલાં રૂપ ધર્યાં. રામપુરની આજુબાજુ પાણી છલકાવા લાગ્યું. ધરતીમાતાએ જાણે લીલી ચૂંદડી ઓઢીને નવોઢાનાં રૂપ ધર્યાં. રતનસંગ ને દીપસંગે પણ કેડ બાંધીને જુવાર બાજરીની વાવણી શરૂ કરી દીધી. ગામ આખું પ્રવૃત્તિથી ધમધમી ઊઠ્યું.

એવામાં આવી સાતમ-આઠમ! ગામડાંનો મુખ્ય તહેવાર. ખેતરમાં કુણા કુણા બાજરીના છોડ ઝૂમી રહ્યા હતા. ગામલોકો આનંદ મનાવતા હતા. રામજી મંદિરની પડથાળ ઉપર જુવાનિયાઓએ જુગારનો અડ્ડો જમાવ્યો હતો.

આ બાજુ નદીના કાંઠે દીપસંગ અને એના કાકા જાલમસંગ અને બીજા બે-ચાર જણા ચોપાટ રમતા હતા.

દીપસંગ આજ તાનમાં હતો. નવું સાટિનનું જાકિટ, રેશમી પહેરણ ને નવીનક્કોર સુરવાલમાં એ શોભતો હતો. વળી, આજ તો એણે ગજવામાં રૂમાલનો ડૂચો નાખ્યો હતો, કાનમાં અત્તરનું પૂમડું ખોસ્યું હતું. માથે રાખેલ છોગું એને આ બધા જુવાનિયાઓથી જુદો પાડી દેતું હતું.

“એ આ તમારી કાળી સોગઠી મારી કાકા,” દીપસંગે ગોઠણભેર થઈને એના કાકા જાલમસંગની સોગઠી ઉપર પોતાની સોગઠી મારી. કાકાની કાળી સોગઠી ઊડીને દૂર જઈને પડી. એવું લાગતું હતું કે, આજે રમત દીપસંગની જ હતી! જાલમસંગ દીપસંગની એકેય સોગઠી મારી શક્યા ન હતા, આથી એ કૈંક અકળાએલા હતા.

ધીમે ધીમે દીપસંગે કાકાની લગભગ બધી સોગઠીઓ જીતી લીધી. છેલ્લી સોગઠી રહી.

જાલમસંગ ઊભા થયા ને એમણે દીપસંગના ખભે હાથ મૂક્યો.

“દીપસંગ,” એમણે ધીમેથી કહ્યું, “મારી સોગઠી મારી, એવી રીતે ગામની સોગઠી પણ માર ને?”

“કાકા....” દીપસંગ બોલી ઊઠ્યો.

“દીકરા,” દીપસંગની વાત કાપીને વચ્ચે જ કાકા બોલ્યા, “ગામ આખું તારા બાપની ને રૂપલીની વાતું કરે છે, એમને શેડને?”

દીપસંગ ધ્રુજી ઊઠ્યો. એની આંખોમાં ક્રોધના લાલ રંગ ઝળક્યા.

“કાકા,” દીપસંગ કેડે હાથ મૂકીને બોલ્યો, “તમે... તમે ઊઠીને આમ કહો છો?”

“દીપસંગ,” કાકા જાલમસંગ બોલ્યા, “કાકા-ભત્રીજાના સંબંધનું તે દિ જમીનના ઝગડા વખતથી તારા બાપાએ નાહી નાખ્યું છે, હું ક્યાં તારા બાપાના દાણા ખાઉં છું?”

“મોં સંભાળીને બોલજો કાકા,” દીપસંગની આંખોમાં રાજપૂતી લોહી ઝળક્યું.

“નહીં તો તું મને શું કરી નાખવાનો છે?” જાલમસંગે એની સામે જોઈને પૂછ્યું.

“ઠીક ત્યારે, જોઈ લેજો,” કહીને દીપસંગ ઘરભેગો થઈ ગયો. બીજા જુવાનિયાઓએ જાલમસંગને ઠંડા પાડ્યા.

ઘેર પહોંચ્યા પછી દીપસંગને લાગ્યું કે, વાતનું વતેસર થઈ ગયું. આજે સગો કાકો ઊઠીને બાપ વિષે ગમે તેમ બોલી ગયો.

એના મનમાં બાપની આબરૂ સામે આંગળી ચીંધનાર કાકા ઉપર વેર કઈ રીતે લેવું એના જ વિચારો ચાલતા હતા.

જાલમસંગ અને રતનસંગ બન્ને સગા ભાઈ હતા પણ મજીયારા વખતે જમીનની વહેંચણીમાં તકરાર થવાથી બન્ને વચ્ચે લાકડીઓ ઊડી હતી અને બન્નેએ એકબીજાના નામનું નાહી નાખ્યું હતું. જાલમસંગ ગામના છેવાડે એની પત્ની આનંદબા સાથે જુદો રહેતો હતો. રતનસંગ એને સામે મળે તો બોલાવતો પણ નહીં. જો કે દીપસંગ અત્યાર સુધી એટલું બધું વેર રાખતો નહોતો. એ કાકાને કેમ છો, મઝામાં તો છો ને? એવું પૂછતો, ક્યારેક સાથે બેસતો પણ ખરો, પણ એ આજના સોગઠીવાળા બનાવ પહેલાં.

આજે જે બન્યું, એનાથી દીપસંગના મનમાં વેરનો આતશ સળગી ઊઠ્યો હતો. ક્રોધ સામેની વ્યક્તિને નથી ઓળખતો, ક્રોધના આવેશમાં વ્યક્તિ સામેની વ્યક્તિને નીચી ઉતારી પાડવાના પ્રયાસ જ કરે છે, પછી સામે પિતા હોય કે ગમે તે હોય.

એ રીતે દીપસંગ ક્રોધના આવેશમાં કાકા સામે કઈ રીતે વેર લેવું એના જ વિચારમાં રત હતો.

અચાનક એને મોકો મળી ગયો. ખેતરમાં ડફેરોની ગાયોનો ત્રાસ વધી ગયો હતો એટલે સૌ પોતપોતાના ખેતરની રખેવાળી કરવા ખેતરમાં જવા લાગ્યા. રતનસંગે પણ એમના સાથીને ખેતરમાં સૂવા મોકલવાનું શરૂ કરી દીધું.

એક દિવસ દીપસંગ “ખેતરમાં જાઉં છું” એવું રતનસંગને કહીને ખિસ્સામાં પિસ્તોલ નાખીને ઊપડ્યો. રાતના લગભગ બે વાગ્યા સુધી ખેતરમાં રખડ્યા પછી એ ગામમાં આવ્યો.

નીરવ શાંતિમાં ગામનું વાતાવરણ કૈંક જુદું જ લાગતું હતું. શેરીઓમાં રઝ્યાખડયા કૂતરાઓ ઊંઘતા હતા. ક્યાંક ક્યાંક ઘુવડનો કે ચીબરીનો અવાજ વાતાવરણની ખામોશીને ભેદતો પસાર થઈ જતો. ક્યાંથી વળી શિયાળીયાની લાળી પણ સંભળાતી.

સાવધાનીથી દીપસંગ કાકાની મેડીના છાપરા ઉપર ચડ્યો. ખપેડા ઉપરથી એણે નીચે પલંગ પર નજર નાખી. એની કાકી આનંદીબાનું મોં દેખાતું હતું, જો કે એની બાજુમાં સૂતેલા કાકાનું મોં દેખાતું ન હતું. બન્ને એકબીજાને બથ ભરીને ભરનિદ્રામાં પડ્યા હતા.

આનંદીબાનું મુખ ઊંઘમાં પણ સ્મિત વેરી રહ્યું હતું.

એક ક્ષણ...દીપસંગની આંગળી પિસ્તોલની ટ્રીગર પર ગઈ. આનંદીબાના પડખામાંથી કાકા સ્હેજ દૂર ખસ્યા... ધડાંગ....એક ભયંકર ધડાકો થયો. દીપસંગે પાછું જોયા વિના દોડ મૂકી. ઘુવડ જોરથી બોલી ઊઠ્યું. ચીબરી પણ ચબરાક.. ચબરાક..બોલવા લાગી. આનંદીબા ચીસ પાડી ઊઠ્યાં. પથારીમાંથી લોહીની છોળ ઊડી. પાડોશીઓ બારણું ખખડાવવા લાગ્યા.

વા વાતને લઈ જાય છે એમ કહેવાય છે. રામપુર ગામ આખામાં વાત ફેલાઈ ગઈ - રતનસંગનું કોકે ખૂન કરી નાખ્યું! ભાઈની વહુ જોડે પથારીમાં સૂતો’તો ને કો’કે ભડાકે દીધો!

સવારમાં તો ગામ આખામાં વાત ફેલાઈ ગઈ. જાલમસંગ ખેતરેથી દોડતા આવ્યા.

કોઈ કહેતું હતું - દીપસંગ ગામ છોડીને ક્યાંક જતો રહ્યો હતો.

વળી પાછી ગામમાં વાતો ચાલી.

“તેં સાંભળ્યું મગનીયા,” એક જણાએ બીજાને કાનમાં કહ્યું, “રતનસંગ બાપુ ઈમના ભાઈ જાલમસંગની બૈરી ભેગુ સૂતા’તા ને કો’કે ઈમને ભડાકે દીધા!”

વળી રતનસંગની આબરૂ ઉપર પાણી ફરી વળ્યું ! ભાઈની પત્ની સાથેનો એમનો આડો સંબંધ એમના અવસાન પછી પકડાઈ ગયો.

બપોરે ફોજદાર આગળ રૂપલી લખાવતી હતી-

“લખો ફોજદારસાહેબ, રતનસંગ ને આનંદીબા દરરોજ મારા ઘરમાં મળતાં’તાં ને એટલા સારુ રતનસંગ મારા ઘરે આવતા હતા પણ પછી મારા ને એમના વિષે વાતું થવા માંડી એટલે એ મારા ઘરે ઓછા આવતા અને ડફેરોની ગાયોનો ત્રાસ વધ્યા પછી જાલમસંગ રોજ રાતે ખેતરમાં જતા એટલે રતનસંગ આનંદીબાને એમના ઘેર જઈને જ રાતે મળતા.” ને જાલમસંગ ઉઘાડી પડેલી આબરૂને પકડવા ફાંફાં મારતા હોય એમ મુઠ્ઠી વાળીને નતમસ્તકે ફોજદારની બાજુમાં ઊભા હતા.

રામપુરમાં એ વખતે ધીમે ધીમે સાંજ ઢળતી હતી પણ એ ખોફના માહોલને ઢળતી સાંજ વધારે ઘેરી બનાવતો હતો!

(શીર્ષકપંક્તિઃ હરીશ શાહ)